| | | |
|---|---|---|
| GJDH080013812026 | કેસ મળ્યા તા. | ૧૧/૦૬/૨૦૨૬ |
| | રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૧/૦૬/૨૦૨૬ |
| | અરજીના નિર્ણયની તા. | ૨૧/૦૭/૨૦૨૬ |
| | સમયગાળો : | વર્ષ– , માસ– , દિવસ – |

**ગરબાડાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ સમક્ષ, ગરબાડા, (જી. દાહોદ )**

**ફો.પ.અ.નં.૧૭૫/૨૦૨૬**

આંક

અરજદાર

બાબુભાઇ સબુરભાઇ ભુરીયા, ઉ. વ. ૫૪, ધંધો –ખેતી તથા મજૂરી

રહે. પાટીયા, નવા ફળીયા, તા. ગરબાડા ,જી. દાહોદ

**: વિરૂધ્ધ :**

સામાવાળાઓ

૧.આચાર્ય શ્રી, દાસી જીવણ વિધ્યામંદીર, ગોંડલ,

ગોકુલધામ, જેતપુર રોડ, ભક્તિ હોસ્પિટલ પાછળ, ગોંડલ,

તા. ગોંડલ , જી.રાજકોટ

૨. મામલતદાર શ્રી ,

મામલતદાર કચેરી , ગરબાડા

૩. તલાટી કમ મંત્રી શ્રી, પાટીયા, તા. ગરબાડા

**<u>બાબત</u> : ગુજરાત સેકન્ડરી એજ્યુ. ૧૯૭૫ ક્લોઝ (૫),(૬) રેગ્યુ. ૧૨(એ) મુજબ**

અરજદાર તર્ફે : વિ. વકીલ શ્રી જે. પી. જોશી.
સામાવાળા તર્ફે : વિ. વકીલ શ્રી કોઇ નહિ.

**-:: <u>ચુકાદો</u> ::-**

**(૧)** અરજદારોની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારના પુત્ર નામે સંજય બાબુભાઇ ભુરીયા તેઓનું શાળા છોડીયાનું પ્રમાણપત્ર સામાવાળા નં. ૧ નાએ ઇશ્યૂ કરેલ છે અને તેમના પુત્રને ભણવા ગોંડલ અરજદાર મજુરીએ ગયેલ ત્યારે રજુ કરેલ હતો અને પરત વતન ફરવાનુ હતુ ત્યારે તા. ૪/૦૫/૨૦૨૬ ના રોજ શાળા છોડી દિધેલ અને સામવાળાએ આપેલ શાળા છોડ્યાના પ્રમાણપત્ર જેનો જી.આર.નં. ૩૭૩ છે જેમાં જાતીના કોલમમાં "હિન્દુ સુવાળિયા કોળી" લખેલ છે અને તે ખોટી વિગત હોય અને અરજદાર તથા તેમના પિતા તે મુળ અહી ગરબાડાના વતની હોય અને તેઓ "હિન્દુ ભીલ"(અનુસુચીત આદિજાતી) જાતીના હોય અને તે સાચી હોય જેથી તે મુજબ સુધારો કરવા જેથી કરાવવા માંટે હાલની અરજી દાખલ કરેલ છે.

સદર કામે સામાવાળાઓને ધોરણસર ની નોટિસ બજી ગયેલ હોય અને સામાવાળા તરફે અત્રેની અદાલત રુબરુના જવાબ સાથે૨૧/૦૭/૨૦૨૬ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. તેમજ સામાવાળા નં. ૧ નાએ આંક. ૭ થી જવાબ રજૂ કરેલ છે અને તેઓએ જવાબમાં ૧૨(ક) ની જોગવાઈનો ઉલ્લેખ કરેલ છે.

તેમજ સામાવાળા નં. ૨ મામલતદાર શ્રી ગરબાડા દ્વારા અત્રેની અદાલતને આંક .૧૨ થી જવાબ દ્વારા હાલના કામે રજૂ કરવામાં આવેલ બંને અનુસૂચિત જનજાતિના અરજદાર અને તેમના પિતાના દાખલા ખરાઈ કરી તે દાખલો તેઓ દ્વારાજ આપવામાં આવેલ છે. તેમજ

આંક. ૧૧ થી સામવાળા નં. ૩ નો જવાબ રજુ છે જેમાં તેઓએ પણ અરજદારના જાતીના દાખલાની ખરાઇ કરેલ છે.

**।૩। આ કામે અરજદાર તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

## મૌખિક પુરાવા

| આંક | વિગત |
|---|---|
| ૧૩ | અરજદારનું સોગદનામું |

## દસ્તાવેજી પુરાવા

| આંક | વિગત |
|---|---|
| ૫ | અરજદારનો જાતી અંગેનુ પ્રમાણપત્રની ખરી નકલ |
| ૬ | અરજદારે સામવાળા નં. ૧ ની શાળામાં કરેલ અરજી અન્વયે સોગંદનામુ |
| ૮ | સામાવાળા નં. ૧નુ રજીસ્ટર્ડની નકલ |
| ૯ | અરજદારના પુત્રના શાળા છોડીયા અંગેના પ્રમાણપત્રની ખરી નકલ |
| ૧૫ | અરજદારના પેઢીનામુ |
| ૧૬ | અરજદારની વડીલોપાર્જિત જમીનના ૭/૧૨ ના ઉતારા |

**(૫)** આ કામે પક્ષકારો તરફે પુરાવો આંક. 14 થી અરજદારે કલોજીગ પુરશીશ થી પુર્ણ થયા બાદ પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલ સાંભળવામાં આવેલ છે.

**(૬)** રેકર્ડ તેમજ દલીલોના આધારે હાલની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

**(૧)** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ તેમની અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે. ?

**(૪)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નંબર – ૧ નો જવાબ : હકારમાં.

મુદ્દા નંબર – ૨ નો જવાબ : હકારમાં.

**–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–**

(૯) **<u>મુદ્દા નંબર – ૧–૨</u> :–**

હાલના કામે મુદ્દાનં. ૧,૨ એક બીજા સાથે સંકડાયેલા હોય જેથી તે બંને ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે હાલના કામે એક બાબત આંક.૧૩ થી સામાવાળા નં.૧નો જવાબ અને આંક ૦૯ થી રજૂ અરજદારના પુત્રના એલ. સી. રજૂ પુરાવાથી સ્પસ્ટ છેકે, અરજદાર ની પુત્રના શાળા છોડીયાના પ્રમાણપત્રમાં જાતિના કૉલમમાં 'હિન્દુ સુવાળિયા કોળી' લખેલ છે. અને અરજદાર તે સુધારો કરી 'હિન્દુ ભીલ' માંગે છે જેથી તે મુજબ અરજદાર ની જાતિ તે હોવી જરૂરી છે.અને અરજદાર ના પિતા તેમજ અરજદાર પોતે પણ 'હિન્દુ ભીલ' સમાજના અનુસૂચિત જનજાતિનું હોવાનું આંક. ૫ ના જાતીના દાખલાથી સામાવાળા નં. ૨,૩ ના એ તેજ દાખલો ખરાઈ કરેલ જેમાં પ્રમાણપત્ર ક્રમાંક ૫૫૫૬/૨૦૨૬ તા. ૧૫/૦૬/૨૦૨૬ થી સામાવાળા નં. ૨ ની કચેરીમાં નોંધેલ છે. વધુમાં સામાવાળા નં. ૩ દ્વારા અરજદારનુ પેઢીનામુ રજુ કરવામાં આવેલ છે, જે આંક. ૧૫ થી રજુ છે. અને તેઓ સ્થાનીક વતની છે તેમજ અરજદારના સગાભાઈના શાળા છોડીયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ કે જે નીશાની ૩/૨ થી રજુ છે તેઓ પણ "હિન્દુ ભીલ' જાતીના હોવાનુ જણાઇ આવે છે તેમજ તેઓની વડીલોપાર્જિત ખેતીની જમીનોના ૭/૧૨ ના ઉતારા પણ આંક. ૧૬ થી રજુ છે. આમ, અરજદાર પોતે અને તેમના અન્ય કુટુંબીજનો "હિન્દુ ભીલ' સમાજના અનુસૂચિત જનજાતિનું હોવાનું ફલિત થાય છે જ્યારે અરજદારના પુત્રોના એલ.સી. માં 'હિન્દુ સુવાળિયા કોળી" જ્ઞાતિ ના કૉલમ માં લખેલ છે તે સુધારો થવો જરૂરી થઈ પડે છે.

સદર કામે ગુજરાત માધ્યમિક વિનિયમો ૧૯૭૪ ના નિયમ ૧૨(ક) માં જણાવવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા વિનિયમ ૧૨(ક)(૬) માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, વિધ્યાર્થી શાળા છોડીયા બાદ રેકર્ડ ની નોંધમાં કોઇ ફેર ફાર કરી સકાશે નહિ અને સમાવાળા નં. ૧ ની જુબાની તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાઓ (૨૦૦૭)૩, જી.એલ.આર. ૨૨૭૬ ઠાકોર નીલેશભાઈ શિશિરભાઈ વિરૂધ્ધ ગુજ.સે.એજ્યુ. બોર્ડ વી.ના પ્રસ્થાપીત સિંધાતો તેમજ મધુબેન રમેશભાઈ પાટેલ વિરૂધ્ધ ડિસ્ટ્રી.એજ્યુ.ઓફી. ના ચુકાદા ઉપર અરજદાર આધાર રાખેલ છે જે કાયદાની જોગવાઈઓ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા ધ્યાને લઈ અત્રેની અદાલતને સદર રજી.માં ફેરફર કરવાની સત્તા રહેલ છે અને તે મુજબ સુધારો કરવાથી અરજદારની પુત્રીની ખરી પેટા જાતિ ‘હિન્દુ ભીલ’ રેકર્ડ પર આવશે. જેથી ઉપર કરેલ ચર્ચા મુજબ હકીકતો અને સંજોગો લક્ષમાં લઈ મુદા નં.૦૧ થી ૦૩ નો જવાબ ઉપર મુજબ આપી મુદા નં.૦૪ સંદર્ભે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

(૧) અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે અને આથી સામાવાળા નં. ૧ ના શાળા ના છોડીયા પ્રમાંણપત્ર કે જેનો જ.ર.નં.–૩૭૩ માં સુધારો કરી શાળા છોડ્યાના પ્રમાણપત્રના કોલમ નં.૨ ધર્મ અને જાતીનાના કૉલમમાં ‘હિન્દુ સુવાળિયા કોળી ’ ને બદલે ‘હિન્દુ ભીલ” મુજબ લખી નવુ સુધારેલો શાળા છોડ્યાના પ્રમાંણપત્ર આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૨૧ , માહે : જુલાઈ , સને : ૨૦૨ ૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સં ભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૭/૨૦૨૬

ગરબાડા

(રોહીત હરમાનભાઇ સોલંકી)
પ્રીન્સી.સિવીલ જજ અને જ્યુડી.મેજી.ફર્સ્ટ.કલાસ
તા. ગરબાડા (કોડ- જીજે૦૧૬૩૩)